રાજ્યનું ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૭૯.૦૩ ટકા પરિણામ

૭૬૩ એ૧ ગ્રેડ : રાજકોટ જિલ્લાનું ૯૩.૮૩ ટકા ઉંચુ પરિણામ જ્યારે છોટાઉદેપુરનું સૌથી ઓછું ૩૧.૫૨ ટકા પરિણામ જાહેર : અંગ્રેજી માધ્યમનું સૌથી ઉંચુ પરિણામ

અમદાવાદ,તા. ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષાનું પરિણામ આજે ૭૯.૦૩ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ગયા વર્ષની સરખામણીમાં સાત ટકા પરિણામ ઓછું રહેતા આની ચર્ચા વાલીઓમાં જોવા મળી હતી પરંતુ હજુ પણ પરિણામ ખુબ ઉંચુ રહ્યું છે. રાજ્યભરમાં કુલ ૧.૩૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ વર્ષે ૧૨ સાયન્સમાં ૧૩૮૩૧૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. રાજ્યમાં સૌથી વધુ રાજકોટ જિલ્લાનું ૯૩.૮૩ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સૌથી ઓછુ પરિણામ છોટાઉદેપુર જિલ્લાનું ૩૧.૫૨ ટકા રહ્યું છે.

ગોંડલ કેન્દ્રનું પરિણામ સૌથી વધુ ૯૭.૧૭ ટકા રહ્યું છે. રસપ્રદ બાબત એછેકે, સેમેસ્ટર માર્ચ ૨૦૧૫માં પણ ગોંડલ કેન્દ્રનું પરિણામ સૌથી વધુ ૯૯.૭૩ ટકા રહ્યું હતું. વધુ પરિણામ ધરાવતા જિલ્લામાં રાજકોટે બાજી મારી દીધી છે. રાજકોટનું પરિણામ ૯૩.૮૩ ટકા રહ્યું છે. આમા પણ વર્ષ ૨૦૧૫માં રાજકોટનું પરિણામ ૯૬.૦૧ ટકા રહ્યું હતું. ઓછા પરિણામ ધરાવનાર જિલ્લામાં છોટા ઉદેપુરનો સમાવેશ થાય છે. છોટાઉદેપુરનું પરિણામ ૩૧.૫૨ ટકા રહ્યું છે. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગયા વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૨૧૫ હતી જેની સામે આ વખતે ૯૯ થઇ ગઇ છે. આવી જ રીતે ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ગયા વર્ષે નવ હતી જે વધીને હવે ૨૮ થઇ છે. એ વન ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ગયા વર્ષે ૪૨૭ હતી જે વધીને હવે ૭૬૩ થઇ છે. આવી જ રીતે એ ટુ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવનાર ઉમેદવારોની સંખ્યા પણ ગયા વર્ષે ૪૦૦૮થી વધીને સીધી ૫૩૯૯ થઇ છે. માધ્યમની દ્રષ્ટિએ જોવામાં આવે તો આ વખતે પણ અંગ્રેજી માધ્યમે બાજી મારી છે. અંગ્રેજી માધ્યમના પરિણામની ટકાવારી ૮૬.૪૭ ટકા નોંધાઈ છે જે ગયા વર્ષે ૯૩.૭૬ ટકા હતી. જ્યારે ગુજરાતી માધ્યમના ઉમેદવારોના પરિણામની ટકાવારી આ વર્ષે ૭૭.૬૨ ટકા રહી છે. આજે જાહેર કરવામાં આવેલા પરિણામ મુજબ એ ગ્રુપના ઉમેદવારનું પરિણામ ૮૧.૩૦ ટકા રહ્યું છે. જ્યારે બી ગ્રુપના ઉમેદવારોનું પરિણામ ૭૬.૫૬ ટકા રહ્યું છે. એબી ગ્રુપના ઉમેદવારોનું પરિણામ ૭૬.૩૨ ટકા રહ્યું છે. ૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડના લાભ સાથે પાસ થનાર ઉમેદવારોની સંખ્યા ૨૦ નોંધાઈ છે. આ વર્ષે ગેરરીતિના કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. સીસીટીવી અને અન્ય નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેના પરિણામ સ્વરુપે આ વર્ષે ગેરરીતિના કેસો ઘટીને ૧૦૫ થયા છે જે ગયા વર્ષે ૨૧૪ હતા. ચાલુ વર્ષે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓની માંગણીઓને ધ્યાનમાં લઇને પરીક્ષા સમિતિ દ્વારા ૧૨ નવા વિજ્ઞાન કેન્દ્રો આપવામાં આવ્યા હતા. ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ ૨૦૧૬ વિજ્ઞાન પ્રવાહના ચોથા સેમેસ્ટરમાં રાજ્યભરમાં કુલ ૧૩૧ કેન્દ્રો પરથી ૧૩૮૬૩૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ૧૩૪૫૯૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જેપૈકી ૧૦૬૩૭૨ વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર રહ્યા છે. ગુજરાતમાં ધોરણ ૧૧ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહનું સમગ્ર સંકલિત પરિણામ ૭૯.૦૩ ટકા રહ્યું છે.

અંગ્રેજી માધ્યમનું ૮૬.૪૭ ટકા ઉંચુ પરિણામ

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ધારણા પ્રમાણે જ આ વખતે પણ અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી માધ્યમ કરતા વધારે રહ્યું છે. જ્યારે હિન્દી માધ્યમનું પરિણામ ૭૨.૧૪ ટકા નોંધાયું છે. હિન્દી અને ગુજરાતી માધ્યમની સરખામણીમાં અંગ્રેજી માધ્યમનું મહત્વ દિન પ્રતિદિન વધી રહ્યું છે. પરિણામ પરથી આ બાબત સ્પષ્ટ થઇ જાય છે. બીજી બાજુ અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઇ રહ્યો છે. આ વખતે ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં મિડિયમવાઈઝ રિપોર્ટની વાત કરવામાં આવે તો ગુજરાતી માધ્યમમાં ૧૧૨૬૪૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૧૦૯૨૬૫ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી માધ્યમની પરિણામની ટકાવારી ૭૭.૬૨ ટકા અને અંગ્રેજી માધ્યમની પરિણામની ટકાવારી ૮૬.૪૭ ટકા નોંધાઈ છે. ગુજરાતી માધ્યમમાં એ૧ ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૪૯ જ્યારેઅંગ્રેજી માધ્યમમાં એ૧ ગ્રેડ મેળવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૧૪ નોંધાઈ છે. માધ્યમવાઈઝ અહેવાલ નીચે મુજબ છે.

માધ્યમ	નોંધાયેલ વિદ્યાર્થી	ઉપસ્થિત વિદ્યાર્થી	પરિણામની ટકાવારી
ગુજરાતી	૧૧૨૬૪૧	૧૦૯૨૬૫	૭૭.૬૨
હિન્દી	૧૮૩૯	૧૭૪૧	૭૨.૧૪
અંગ્રેજી	૨૩૮૦૭	૨૩૩૦૪	૮૬.૪૭
મરાઠી	૨૭૨	૨૪૬	૫૬.૧૦
ઉર્દૂ	૭૩	૪૨	૪૫.૨૪

અમદાવાદ શહેરનું ૮૭.૭૧, ગ્રામ્યનું ૯૦.૦૮ ટકા પરિણામ

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જે મુજબ અમદાવાદ શહેરનું પરિણામ ૮૭.૭૧ ટકા અને અમદાવાદ ગ્રામ્યનું પરિણામ ૯૦.૦૮ ટકા નોંધાયું છે. અમદાવાદ શહેરમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૮૪૯૬ નોંધાઈ હતી જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫૪૬૦ જેટલી નોંધાઈ હતી. વિદ્યાર્થીઓના પરિણામની દ્રષ્ટિએ અમદાવાદ ગ્રામ્યુનું પરિણામ અમદાવાદ શહેર કરતા ઉંચુ નોંધાયું છે. અમદાવાદ જિલ્લાનું પરિણામ પણ ઉંચુ નોંધાયું છે. અમદાવાદ જિલ્લાનું પરિણામ નીચે મુજબ છે.

વિગત	અમદાવાદ શહેર	અમદાવાદ ગ્રામ્ય
ઉપસ્થિત સંખ્યા	૯૮૮૬	૬૦૬૧
પરિણામની સરેરાશ	૮૭.૭૧ ટકા	૯૦.૦૮ ટકા
એ-૧	૫૫	૩૦
એ-૨	૫૮૦	૨૭૨
બી-૧	૧૧૨૨	૬૩૨
બી-૨	૧૪૬૪	૯૩૫
સી-૧	૨૦૮૨	૧૩૯૫
સી-૨	૨૪૮૧	૧૬૬૬
ડી	૭૧૨	૫૨૮
ઈ-૧	૦૦	૦૨
નીડ ટુ ઈમ્પ્રુવમેન્ટ	૧૧૯૦	૬૦૧

હરસોલ-ગાંભોઈ રોડ પર દારૂ ભરેલી કારની ટકકરે બાઈકચાલકનું મોત

તલોદ, તા.૧૭

હરસોલ-ગાંભોઈ માર્ગ પર પુરપાટ ઝડપે દોડી આવતી દારૂનો જથ્થો ભરેલી કારના ચાલકે પસાર થતા બાઈક ચાલકને પાછળથી જોરદાર ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકનું માર્ગ પર પટકાઈ જતા સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

તલોદ તાલુકાના વસ્તાજી મુવાડા ગામના રહીશ મદુસિંહ જવાનસિંહ સોલંકી પોતાનું બાઈક નં. જીજે ૯ સીસી ૩૪૯૫ લઈને હરસોલ ગાંભોઈ રોડ પર પસાર થઈ રહ્યા હતા ત્યારે પુરપાટ ઝડપે દોડી આવતી વિદેશી દારૂનો જથ્થો ભરેલી સ્વીફ્ટ કાર નં. જીજે-૧-કેજી ૪૬૯૨ના ચાલકે ભારે ગફલત ભરી રીતે હંકારી બાઈક ચાલકને જોરદાર ટકકર મારી હતી આથી તેનું કરૂણ મોત નિપજયું હતું.

આ બનાવ અંગે તલોદ પોલીસે ભાગી છૂટેલા સ્વીફ્ટના ચાલક સામે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાહિત્ય રત્ન : ગુજરાતી ભાષામાં સૌથી વધુ વંચાતા કટાર લેખક અને લોકપ્રિય સર્જક ડો. ગુણવંત શાહને સોમવારે સાંજે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય રત્નનો એવોર્ડ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે એનાયત થયો હતો. આ પ્રસંગે પૂ. મોરારિબાપુ, આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલ, રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી નાનુભાઈ વાનાણી અને અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા સહિત સાહિત્યકારો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતી માધ્યમમાં ગ્રેડવાર વિદ્યાર્થી

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષાનું પરિણામ આજે ૭૯.૦૩ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ગુજરાતી માધ્યમનું પરિણામ ૭૭.૬૨ ટકા જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતી માધ્યમમાં એ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૪૯ નોંધાઈ છે.

ગ્રેડ	વિદ્યાર્થીઓની સંખ્યા
એ-૧	૪૪૯
એ-૨	૩૬૨૩
બી-૧	૭૮૩૦
બી-૨	૧૨૬૨૯
સી-૧	૨૦૧૨૯
સી-૨	૨૮૬૩૪
ડી	૧૧૪૫૯
ઈ-૧	૫૫
નીડ ઈમ્પ્રુવમેન્ટ	૨૪૪૫૭

પરિણામ સુધારણા ચિત્ર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું.

વિષયની સંખ્યા	વિદ્યાર્થીઓની સંખ્યા
૧	૧૫૮૦
૨	૬૭૨૪
૩	૧૧૬૬૬
૪	૪૨૩૫
૫	૨૧૪૬
૬	૫૮
૭	૨૫૭
૮	૧૩૫૧
૯	૨૦૯

મહિન્દ્રાએ વધુ શક્તિશાળી ટીયુવી૩૦૦ રજૂ કરી

ભારતમાં એસયુવીની અગ્રગણ્ય ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિ. (એમએન્ડએમ)એ નવું નકોર mHAWK[100] એન્જિન ધરાવતી ટીયુવી૩૦૦ના વધુ શક્તિશાળી અવતારની રજૂઆતની જાહેરાત કરી છે. નવું mHAWK[100] એન્જિન ૭૩.૫ કિલોવોટ (૧૦૦ બીએચપી)નો પાવર અને ૨૪૦ એનએમનો સર્વશ્રેષ્ઠ ટોર્ક પુરો પાડશે તથા તે ટીયુવી૩૦૦ના ટોપ-એન્ડ વેરિયેન્ટસ- T8 & T8 AMTમાં ઉપલબ્ધ બનશે. mHAWK[100] એન્જિન ધરાવતી ટીયુવી૩૦૦ સમગ્ર ભારતમાં તાત્કાલિક રીતે અમલી બને એવી રીતે મહિન્દ્રાની ડિલરશિપ્સમાં ઉપલબ્ધ બનશે અને તેનું મુલ્ય રૂ. ૮.૮૭ લાખ (T8 વેરિયેન્ટ માટે એક્સ-શોરૂમ મુંબઈ) રહેશે.

વધુ પાવર ઉપરાંત નવું mHAWK[100] એન્જિન ધરાવતી ટીયુવી ૩૦૦માં ટોર્ક ૨૩૦ એનએમથી વધીને ૨૪૦ એનએમ થયો છે, એ રીતે વધુ પેપ અને ટોર્ક સાથે એક્સેલરેશનમાં વધારો થયો છે. ટીયુવી૩૦૦ ઓટોશિફ્ટ ઓટોમેટેડ મેન્યુઅલ ટ્રાન્સમિશન ટેકનોલોજી (એએમટી) પ્રદાન કરનારી ભારતની સૌપ્રથમ એસયુવી છે. ઓટોશિફ્ટ (એએમટી) T8 વેરિયેન્ટને વધુ પાવર સાથે અપગ્રેડ પણ કરવામાં આવી છે તથા તેને વધુ સરળ ગિયર શિફ્ટ અને થાક ન લાગે એવા ડ્રાઇવિંગના અનુભવ માટે નવેસરથી સંશોધિત કરવામાં આવી છે. ટીયુવી૩૦૦ બીજી હરોળમાં વધુ આરામદાયક સવાર પુરી પાડશે અને તેમાં બીજી હરોળની બેઠકમાં બાળકની સલામતી સુનિશ્ચિત કરવા માટે ISOFIX ચાઈલ્ડ સીટ માઉન્ટસ પણ આવે છે.

Change of Name

Old name is **Patel Dipaben Narayanbhai** and now New Name is **Patel Diptiben Sunilkumar**

Plot No. 348/2, Sector-7A, Gandhinagar
98796 34136

અગનવર્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યમાં ચાલી રહેલા હિટવેવમાં ગાંધીનગરમાં નોંધાયેલ લઘુત્તમ તાપમાન આજે રાજ્યમાં સૌથી વધુ નોંધાયું છે જે ૩૧ ડિગ્રી છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૧ થી ૬૪ ટકા રહેતાં લોકો સખ્ત બફારાનો અનુભવ કરતા હતા.

ગરમીનો પારો જે આક્રમકતા બતાવી રહ્યો છે તેને પગલે મોબાઈલમાં ગુગલ અને એપ પર દર્શાવાતા ગરમીનો આંક જોતા લોકો નજરે પડ્યા હતા તેમજ ૧૧ થી ૪ દરમ્યાન લોકો ઘર કે ઓફિસની બહાર જવાનુ ટાળતા જોવા મળ્યા હતા.

શહેરમાં ગરમીથી બચવા માટે છાશ કેન્દ્રો ઉપરાંત ઠંડા પાણીની પરબો પણ શરૂ થઈ ગઈ છે.

ગરમીમાં વધતા જતા પ્રકોપને લઈ શહેરની વીજ અને પાણીની માંગમાં પણ વિક્રમી વધારો આ વખતે જોવા મળી રહ્યો છે. આજની અસહ્ય ગરમીમાં બપોરની બસો પાટનગરના રાજમાર્ગો પર ખાલી દોડતી જોવા મળી હતી. સુમસામ દેખાયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઈએમડી અમદાવાદના સહયોગથી અમદાવાદ હીટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે. અમદાવાદ સહિત ગુજરાતના લોકો ગરમીના કારણે ભારે પરેશાન થયેલા છે.

ગરમીથી આજે પણ કોઇ રાહત મળી ન હતી. રવિવાર હોવાના કારણે આજે હંમેશા ભરચક રહેતા શહેરના મોટા વિસ્તારો સુમસામ દેખાતા હતા. ખાસ કરીને બપોરના ગાળામાં લોકો ભારે મુશ્કેલીમાં દેખાયા હતા. જનજીવન પણ ખોરવાઈ ગયું હતું. અમદાવાદ ભઠ્ઠીમાં ફેરવાઈ ગયું હતું. હિટવેવની ચેતવણી આગામી બે દિવસ માટે યથાવત રાખવામાં આવી છે. તાપમાનમાં કોઈ ઘટાડો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. ઈમરજન્સીના કેસોમાં રેકોર્ડ વધારો નોંધાયો છે. આગામી ત્રણ દિવસ સુધી ગુજરાતના જુદા જુદા ભાગો અને સૌરાષ્ટ્ર કચ્છમાં હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. લોકોને વિવિધ તકેદારી રાખવા માટે પણ કહેવામાં આવ્યું છે.

હું મુખ્યમંત્રી છું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પદેથી આનંદીબહેન પટેલને હરાવીને નિતીન પટેલને મુખ્યમંત્રી બનાવવામાં આવી રહ્યાં છે.

આનંદીબહેન પટેલ ૨૨મી મે ૨૦૧૪ના રોજ મુખ્યમંત્રી બન્યા છે. તેઓ ગુજરાતના પહેલા મહિલા મુખ્યમંત્રી છે. તેમની સરકારને ૨૨મી મે ના રોજ બે વર્ષ પૂર્ણ થયા છે. સંઘ પરિવારના ટોચના નેતાઓને મળવાના કારણ અંગેના પ્રશ્નના જવાબમાં આનંદીબહેને ઈન્દોરમાં કહ્યું હતું કે એજ્યુકેશન અને એગ્રીકલ્ચરમાં હું તેમનું માર્ગદર્શન મેળવવા મળી હતી. તેમની સાથે પોલિટીકલી કોઈ ચર્ચા થઈ નથી.

ભાજપના ગુજરાત પ્રદેશના પ્રવક્તા ભરત પંડ્યાએ કહ્યું હતું કે અમે આનંદીબહેન પટેલની સરકાર અને કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારની બે વર્ષની ઉપલબ્ધિ અંગેના કાર્યક્રમો આયોજીત કરી રહ્યાં છીએ. ગુજરાતમાં મુખ્યમંત્રી બદલવાની પાર્ટીમાં કોઈ ચર્ચા નથી.

બમણી કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબંધો વધુ મજબૂત કરવાની ભારત ઈચ્છા ધરાવે છે. ભારતે માહિતી આપી દીધી છે કે, આ દેશમાંથી તેલની આયાત માટે બાકી રકમ વહેલી તકે આપી દેવા માટે તૈયાર છે. ઈરાન પરથી પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યા બાદ ચીનથી લઈને રશિયા સુધીના નેતાઓ ઈરાન પહોંચી રહ્યા છે. મોદીની યાત્રાના ભાગરુપે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી, પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ તહેરાનની યાત્રા કરી ચુકયા છે.

ભઠ્ઠીમાં ફેરવાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપર પાણીની વિશેષ વ્યવસ્થા પણ કરાઈ છે. હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં હાલમાં જ જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી હતી. ગરમીથી બચવા માટે વિવિધ પગલા લેવા માટે હાલમાં નિષ્ણાત તબીબોની પણ સૂચના છે. ખાસ કરીને બાળકો અને મોટી વયના લોકો માટે સૂચના જારી કરવામાં આવી ચુકી છે. વધારે પ્રમાણમાં પાણી અને પ્રવાહીનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં કોર્પોરેશન દ્વારા આગોતરી તૈયાર કરવામાં આવી હતી. સ્થિતિમાં હવે કોઈ સુધારો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. બપોરના ગાળામાં રસ્તાઓ

નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

આવ્યા છીએ. બીજી વખત અમદાવાદ આવીશું ત્યારે કંગન લઈ જઈશું.

પરંતુ ગીજુ-ઈલાએ કંગનની વાત કાઢી જ નહીં. ત્યારે મને મનોમન એમ લાગ્યું કે આ લોકો અમારો હક મારી રહ્યા છે. પણ એ સાથે મારા મનમાં એ વાત પણ આવતી હતી કે આ લોકો જાણતા નથી કે કંગન ન લેવાનું તો હું પહેલેથી નક્કી કરીને બેઠો છું.

અમદાવાદની મુસાફરી દરમિયાન મને દર્શનાના ચહેરા પર એવો કોઈ ભાવ દેખાયો નહીં કે કંગન ન મળવાનું તેને દુઃખ હોય. અમદાવાદથી પરત ગાંધીનગર આવતાં રસ્તામાં પણ તેણે કંગન બાબતે મારી સાથે કોઈ વાત ન કરી.

તે કારણે હું દર્શનાથી ખુબ ખુશ હતો. મને મારી પત્ની માટે ગર્વ થતો હતો. તેણે મારી વાત રાખી અને કોઈ પણ પ્રકારની લાલચમાં આવી નહીં.

થોડી મિનિટો બાદ ઓટોરીક્ષા અમારા ઘરની સામે ઊભી રહી. તેનું ભાડું ચૂકવી ઘરનું તાળું ખોલી અને અંદર આવી ગયાં. સામાન ઘરમાં મુકતા મેં જોયું કે દર્શના પોતાનું પર્સ કબાટમાં મુકવા ગઈ. નહીંતર મોટાભાગે એ ટેબલ પર જ મુકી દેતી. મારું માથું ફર્યું. દર્શના પાસે કંઈ વધારે પૈસા તો હતા નહિં. એ કોઈ એવી કિંમતી ચીજ પણ નહોતી. તો પછી પર્સને કબાટમાં મુકવા શું કામ ગઈ. અમે અમદાવાદ જવું કે ન જવું એ વાત એવાં અટવાયેલાં કે જતાં પહેલાં દર્શનાના દાગીના બેંકનાં લોકરમાંથી કઢાવી શક્યા નહોતા. લગ્નમાં પહેરવા માટે તે આર્ટીફિશીયલ ઘરેણાં લઈને ગયેલી. તો પછી દર્શના પાસે એવી કઈ કિંમતી ચીજ હશે. હું વિચારમાં પડી ગયો.

દર્શના ચ્હા બનાવીને લાવી ત્યારે મેં તેને પુછ્યું તો બોલી હું તમને કહેવાની જ હતી. પણ તમે નારાજ થઈ જાત. દક્ષેશ બન્યું એવું કે આપણે અમદાવાદ પહોંચતાં જ ઈલાએ મને તેના રૂમમાં બોલાવી કંગન આપી દીધેલાં.' તેણે દબાયેલ સ્વરે ખુશ થતાં કહ્યું. દર્શનાની વાત સાંભળી હું તો તેની સામે જ મોં વકાસી જોઈ રહ્યો.

ગુલમોર

● ૪ પાનાનું ચાલુ...

તે વાત તો મારો હસબન્ડ પણ જાણે છે. જો મારો હસબન્ડ પણ આ બધું જોયા પછી મને કશું જ કહેતો નથી તો તું મને બોલનાર કોણ? માઈન્ડ યોર ઓન બિઝનેસ. ડોન્ટ ઈન્ટરફિયરિંગ ઈન માય પર્સનલ લાઈફ. મારે જે કરવું હોય તે હું કરું. તું મને આ રીતે રી-સ્ટ્રિક્ટ કરી શકે નહીં. એવો તારો કોઈ રાઈટ બનતો જ નથી. ઓ.કે.? મારા હસબન્ડની હાજરીમાં હું મારા ફ્રેન્ડ સાથે બહાર ફરવા જાઉં તો પણ મારો હસબન્ડ મને કશું બોલતો નથી, તો મને બોલનાર તું કોણ?''

મોનુ તો આ બધું સાંભળીને ચોંકી જ ગયો. તે રીતસરનો ડઘાઈ ગયો. તેને તો કલ્પના પણ નહોતી કે સોનુ આ રીતના રિપ્લાય આપશે. આ તરફ સોનુએ મોનુનો મોબાઈલ તેના હાથમાં પાછો આપતા કહ્યું કે ''લે, આ તારો સ્માર્ટ-ફોન પાછો. મારે તારા મોબાઈલમાં કશું જોવું નથી.'' મોનુ તો હજુ વિશ્વાસઘાતના આઘાતમાંથી બહાર નીકળ્યો નહોતો. તે હજુ પણ સ્તબ્ધ થઈને બેફિકર બની ગયેલી સોનુને જોઈ રહ્યો હતો. મોનુએ ફરી હિંમત ભેગી કરીને કહ્યું કે ''સોનુ, મેં તારી ઉપર મૂકેલા વિશ્વાસનું શું?'' સોનુએ સાફ સાફ શબ્દોમાં સુણાવી દીધું કે ''મેં તને કોઈ દિવસ એવું કહ્યું છે કે તું મારા ઉપર વિશ્વાસ મૂક?''

મોનુએ છેલ્લો સવાલ એ પણ કર્યો કે ''સોનુ, તેં જે પ્રેમના મેસેજીસ અને જોક્સ, ફોટા અને વીડિયો ક્લિપ્સ વગેરે જે બધું આ છ લોકો સાથે શેર કર્યું, એમાંથી એક પણ મેસેજ, ફોટો, ક્લિપ કે જોક્સ તેં મને સેન્ડ કરેલા છે? આ છે, તારો પ્રેમ?''

સોનુ ફરી એક વાર છંછેડાઈ ગઈ અને બોલી કે ''જો, મોનુ, મારા મનની મરજીની હું માલિક છું. મારે કોને જોક્સ કે ફોટા કે ક્લિપ્સ મોકલવા એ હું ડિસાઈડ કરું. તું કહીશ એમ મારે નથી કરવાનું.''

પ્રેમમાં વિશ્વાસ, આદર અને સમર્પણભાવ હોય એમ અભિપ્રેત હોય છે. પરંતુ આ બધું ઢંકાયેલું હોય ત્યાં સુધી જ પ્રેમ સારો લાગે છે. બંધ મુઠ્ઠી લાખની, ખુલી જાય તો ખાકની. પ્રેમની બંધ મુઠ્ઠી આજે એકવીસમી સદીમાં મોબાઈલની ગેલેરીમાં સચવાયેલી હોય છે અને સ્માર્ટ ફોન પાસવર્ડથી સુરક્ષિત હોય છે, એટલે જ સૌના પર્સનલ સંબંધો પણ આ પાસવર્ડના કારણે સુરક્ષિત રહેતા હોય છે. બાકી તો... ?

સ્ટોપર : "પ્રેમ માણસને જીવન જીવતા શીખવે છે."

- ઓશો

Hello ફ્રેન્ડ્સ!

● ૪ પાનાનું ચાલુ...

થયો, અને એમની પત્ની અને લકી સિસ્ટરનો વિશ્વાસ ખરો ઠર્યો... રિપોર્ટ એકદમ નોર્મલ આવ્યો હતો... બધાં જ ખુશખુશાલ હતાં... ૨૪ કલાકનો હાઈ ટાઈડ પિરિયડ પુરો થઈ ગયો...

પ્રથમ વિચારતો હતો, સીધી સાધી જિંદગીમાં એક આંચકો આપણને કયાંથી કયાં પટકી દે છે. હોસ્પિટલમાં લીધેલાં શ્વાસ અને વિતાવેલી ક્ષણો એક એક યુગ જેવી લાગે છે, ડૉકટરની પ્રતિક્ષા પ્રેમિકાના ઈંતેજાર કરતાં પણ વધુ કષ્ટદાયી અને રિપોર્ટનું રિઝલ્ટ બોર્ડના રિઝલ્ટ કરતાંય કાઠું લાગે છે... પુસ્તક હાથમાં લઈ આરામ ફરમાવી રહેલાં પ્રથમની એક લાઈન સમક્ષ નજર અટકી જાય છે... 'અગર દિલ ખોલોગેં દોસ્તોં કે સાથ તો નહીં ખોલના પડેગાં ઔજારો કે સાથ...'

ચૂંટલો : એકાદ રિપોર્ટની વાંકીચૂકી લાઈન જોઈને ભલભલા ભડવીરો ભાંગીને ભુક્કો થઈ જતાં હોય છે. ડૉકટરની કેબીન કે ઑપરેશન થિયેટર સુધી વારો આવતાં મનમાં રહેલા ઉચાટ ઉદ્વેગ, ભય સ્વાભાવિક છે, પણ સાચ્ચે તો પ્રતિક્ષાલયમાં ગાળેલો સમય મનમાં રહેલા ડરને દૂર કરવા મોટો ભાગ ભજવે છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

કામધેનુ યુનિવર્સિટી

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. (૦૭૯) ૬૫૭૨૧૮૧૮

જાહેર નિવિદા-૦૩ સને ૨૦૧૬-૧૭

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, કામધેનુ યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના કામનું ટેન્ડર અનુક્રમ નં. (૧) ફક્ત ઈ-ટેન્ડર પદ્ધતિથી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ ફક્ત www.ku-guj.org પર નીચે જણાવેલ તારીખથી ઉપલબ્ધ રહેશે તથા નીચે જણાવેલ તારીખ સુધીમાં ઓનલાઈન સબમીટ કરવાનું રહેશે. ટેન્ડરમાં ખાસ શરતોમાં માંગ્યા મુજબના ઓરીજીનલ દસ્તાવેજો સ્કેન કરી ટેન્ડર સાથે મુકવાના રહેશે. ટેન્ડર ટુ બીડ કવર સીસ્ટમથી મોકલવાના રહેશે. નિર્ધારિત તારીખ સુધીમાં બાનાની રકમ, ટેન્ડર ફી અને જરૂરી ડૉક્યુમેન્ટ શિલ્ડ કવરમાં રજૂ કરવામાં નહિ આવે અથવા માન્ય ધારા ધોરણ અનુસાર નહિ હોય તો તેવા ઈજારદારશ્રીનું ટેન્ડર નોન રીસ્પોન્સીવ ગણી ટેકનીકલ અને અથવા પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે નહિ.

અ. નં.	કામનું નામ	(૧) અંદાજીત રકમ (૨) ટેન્ડર ફી	(૨) બાનાની રકમ (૪) કક્ષા
૧	કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરની એનીમલ એમ્બ્યુલન્સમાં એસેસરીઝ ફીટ કરવાની કામગીરી	(૧) રૂ. ૫૦૦૦૦૦.૦૦ (૨) રૂ. ૫૦૦.૦૦	(૨) રૂ. ૧૫૦૦૦.૦૦ (૪) ટેન્ડર ડોક્યુમેન્ટ અનુસાર

| અ. નં. | ટેન્ડર ઓનલાઈન ઉપલબ્ધ થવાની તારીખ | ટેન્ડર ઓનલાઈન ડાઉનલોડ કર